# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૦૭/ક્વા-૪/૧૯-૨૦/૧૦૭૯-૭ તા.૨૦.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરપર્સન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૦૭/ક્વા-૪/૧૯-૨૦

**અરજદાર:** અરજણ પુરી પરસોતમ પુરી , ગામ -મોરડીયા - **સબડીવીઝન** : પ્રાંચી
**રજૂઆત કરનાર:** અરજદાર ગેર હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ
**રજૂઆત કરનાર:** કાર્યપલક ઈજનેર શ્રી પી. જી. જોશી -પીજીવીસીએલ વિભાગીય કચેરી – વેરાવળ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
**તારીખ:** ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર/ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓએ માફી યોજના અંતર્ગત તેઓએ રૂ.૫૦૦/– તથા રૂ.૧૦૦૦/– ભરપાઈ કરીને – તેઓનુ બીલ રૂ.૭૯૫૫/૦૩ માફ થયેલ છે. ત્યારબાદ – અરજદારનુ વીજજોડાણ ચાલુ હોવા છતા – ૧૭ માસ થવા છતા તેઓનુ બીલ આવેલ ન હોય – જે બાબતે તેઓએ અવારનવાર પ્રાંચી પેટા વિભાગીય કચેરીમાં રજુઆત કરેલ છે. તા.૧૧–૧૨–૧૯ ના રોજ રૂબરૂ પેટા વિભાગીય કચેરી માં સદર બાબતે ફરીથી રજુઆત કરતા – પીજીવીસીએલ કચેરી દ્રારા મીટરમાં કેટલા યુનીટ છે, જેની માહિતી માંગેલ –જે બીલ ની રકમ રૂ.૨૦,૦૦૦/– જણાવતા અરજદારે નીચે મુજબ ની રજુઆત કરેલ છે.

(૧) પીજીવીસીએલ ની ભુલ હોવા છતા– કયા કારણોસર પીજીવીસીએલ દ્રારા તેઓનુ વીજબીલ અપાયેલ ન હતુ. તેમજ રેકર્ડ ઉપર બંધ મીટર બતાવે છે.

(૨) માફી યોજના અંતર્ગત જરૂરી રકમ ભરપાઈ કરવા છતા – રૂ.૨૦,૦૦૦/– ની રકમ કઈ રીતે ભરપાઈ કરવાની થાય છે.

(૩) પીજીવીસીએલ દ્રારા ભુલ કરેલ હોય તો જવાબદાર અધિકારી ભોગવે – તે માટે -અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહકના સ્થળ ઉપરથી મીટર તા.૦૫.૦૨.૨૦૨૦ ના રોજ ગેઇટ પાસ નં.૪૦૪૭ થી ઉતારેલ જે મીટરમાં નોંધાયેલ યુનિટ પ્રમાણે ૪૦૮૧ યુનિટનું બીલ રૂ.૨૩૯૫૦/- નું પત્ર તા.૦૭.૦૨.૨૦ થી અરજદાર ને આપવામાં આવેલ છે. જે અનુસંધાને અરજદાર તા. ૧૧.૦૨.૨૦૨૦ ના રોજ સબંધક કચેરીમાં રૂબરૂ મુલાકાત કરેલ ત્યારે અરજદારે આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી એક સાથે રકમ ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી તા. ૧૨.૦૨.૨૦ ના રોજ રૂ.૨૯૦૦/- ભરપાઈ કરી આપેલ અને બાકીની રકમના એક સરખા હપ્તા દર માસે ભરપાઈ કરવાની રજૂઆત માન્ય રાખતા અરજદારની સદર તકરાર નો સંતોષકારક નિરાકરણ થતા અરજદારે સમાધાન પત્ર તા.૧૧.૦૨.૨૦ માં સહી કરી આપેલ છે જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે. .

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત **પેરા નં ૨.0** અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત પેરા નં. ૩.0 મુજબ સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સહીવાળું સમાધાન પત્ર  તા.૧૧.૦૨.૨૦ થી રજુ કરાયેલ છે તે મુજબ સદર બાબતે કોઈ રજૂઆત કરવાની રહેતી નથી. **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું નથી** . પરંતુ સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા બાકી રકમના હપ્તા ની સંખ્યા જણાવેલ ન હોય- અરજદારની લેખીત રજૂઆત અન્વયે ફોરમ કમિટી ને યોગ્ય લાગતા સદર અરજદારને બાકી રકમને વ્યાજ વગરના એક સરખા ૧૦ હપ્તા માર્ચ-૨૦ થી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે. સદર બાકી રકમના હપ્તાની ની રકમ અરજદારે નિયમિત ભરપાઈ કરવાની રહેશે અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીયમાધીન કાર્યવાહી કરવી.

૪.૨ ઉપરોક્ત પેરા નં. ૪.૧ મુજબ કાર્યવાહી કરવા બંને પક્ષકારોને સુચના આપવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |